# જાહેરાત

**ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શૈક્ષણિક સ્ટાફની ભરતી માટેની પસંદગી સમિતિ, કમિશનર શાળાઓની કચેરી, બીજો માળ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર**

**(બિનસરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકની પસંદગી અંગેની જાહેરાત ક્રમાંક : ૦૫/૨૦૨૪)**

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ, સચિવાલય ગાંધીનગરના તા. ૦૧/૦૮/૨૦૨૪ના જાહેરનામાં ક્રમાંક : GH/SH/ ૪૧/૨૦૨૪/ED/MIS/e-file/૩/૨૦૨૪/૦૪૮૨/G શિક્ષણ વિભાગના તા. ૧૧/૦૧/૨૦૨૧ના ઠરાવ ક્રમાંક : મશબ/૧૧૧૬/૧૨/છ તેમજ સરકારશ્રીના સ્થાયી ઠરાવો અને વખતોવખત થયેલ સુધારા ઠરાવોની જોગવાઈઓ અન્વયે રાજ્યની બિનસરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં (ગુજરાતી, હિન્દી તથા અંગ્રેજી માધ્યમમાં) શિક્ષણ સહાયકની પસંદગી અંગે તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓની કચેરી મારફત મળેલ અંદાજિત ખાલી જગ્યાઓ પર શિક્ષણ સહાયકની નિમણૂક અર્થે દ્વિસ્તરીય TAT(HS)- ૨૦૨૩ના ગુણ આધારિત મેરીટના ધોરણે પસંદગી યાદી તથા પ્રતિક્ષા યાદી તૈયાર કરવા માટે નીચે જણાવેલ વેબસાઇટ પર ઉલ્લેખ કરેલ સૂચનાઓ તેમજ સરકારશ્રીના સ્થાયી ઠરાવો મુજબ શૈક્ષણિક અને વ્યાવસાયિક લાયકાત ધરાવતા, દ્વિસ્તરીય TAT(HS)- ૨૦૨૩ પરીક્ષામાં ૬૦% કે તેથી વધુ ગુણ મેળવનાર ઉમેદવારો પાસેથી નિયત નમૂનામાં ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે.

**અરજી કરવા માટેની સમય મર્યાદાની વિગત :**

નિયત લાયકાત ધરાવતા ઉમેદવારો **ઉચ્ચતર માધ્યમિક વિભાગ** માટે તા. ૧૦/૧૦/૨૦૨૪ના રોજ થી તા. ૨૧/૧૦/૨૦૨૪ ના ૧૧:૫૯ કલાક સુધી **https://www.gserc.in/**વેબસાઇટ ઉપર મૂકવામાં આવેલ સૂચનાઓનો અભ્યાસ કરી શકશે. લાયકાત ધરાવતા ઉમેદવારો અરજીની નિયત થયેલ ફી આ વેબસાઇટ પર ઓનલાઈન માધ્યમથી જ ભરી શકશે. અરજી માત્ર ઓનલાઈન માધ્યમથી જ સ્વીકારવામાં આવશે. ઓનલાઈન અરજી કરતી વખતે ઉમેદવારે તમામ વિગતો અરજી પત્રકમાં ભર્યા બાદ, તેની ખાત્રી કરીને જ નિયત ફી ભરવાની રહેશે. ફી ભર્યા બાદ ઉમેદવારે કરેલ અરજી કન્ફર્મ થયેલ ગણાશે. કન્ફર્મ થયેલ અરજીમાં ઉમેદવાર જો કોઈ સુધારો કરવા ઇચ્છે તો કરેલ અરજી **Withdraw** કરી નવી અરજી કરવાની રહેશે અને પુનઃ ફી ભરી અરજી કન્ફર્મ કરવાની રહેશે. નિયત સમયમર્યાદામાં ફી ભરેલ ન હોય તેવા ઉમેદવારોની અરજી સ્વીકારવામાં આવશે નહિ.

**અંદાજિત ખાલી જગ્યાની વિગત :**

| ક્રમ | માધ્યમ | ખાલી જગ્યાઓ |
|---|---|---|
| ૧ | ગુજરાતી માધ્યમ | ૨૪૧૬ |
| ૨ | અંગ્રેજી માધ્યમ | ૬૩ |
| ૩ | હિન્દી માધ્યમ | ૫ |
| | કુલ | ૨૪૮૪ |

પ્રસ્તુત જાહેરાતમાં નિર્દેશ કરેલ અંદાજિત ખાલી જગ્યાઓ ફેરફારને આધીન છે. વર્ગ ઘટાડા તથા અન્ય વહીવટી કારણોસર જગ્યા રદ થતા, તેવી ખાલી જગ્યા પર ઉમેદવારનો કોઈ હકદાવો રહેશે નહીં. પસંદગી સમયે ખરેખર ઉપલબ્ધ ખાલી જગ્યા ઉપર જ ઉમેદવારને મેળવેલ ગુણવત્તાક્રમ અનુસાર શાળા પસંદગીની તક ઉપલબ્ધ થશે જેની નોંધ લેવી. ભરતી પ્રક્રિયા દરમિયાન કોઈ બાબતે અર્થઘટનનો પ્રશ્ન ઉપસ્થિત થશે તો નિર્ણય અંગે ભરતી સમિતિનો હક અબાધિત રહેશે.

જાહેરાત સંબંધી વિગતવાર જાણકારી/સૂચનાઓ **https://www.gserc.in/**વેબસાઇટ ઉપર મુકવામાં આવશે. તેમજ ભરતી પ્રક્રિયા દરમ્યાન તમામ સૂચનાઓ અને વિગતો વખતો વખત વેબસાઇટ પર અપલોડ કરવામાં આવશે. ઉમેદવારોએ નિયમિત રીતે વેબસાઇટની ચકાસણી કરવાની રહેશે. વેબસાઇટ પર મુકેલ કોઈપણ સૂચના/વિગતથી અવગત ન થનાર ઉમેદવાર ભરતીના કોઈપણ તબક્કે સામેલ ન થઇ શકે તો આ અંગે ઉમેદવારની અંગત જવાબદારી રહેશે. બાદમાં આ અંગે ઉમેદવારની કોઈ લેખિત કે મૌખિક રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહીં. ભરતી સંદર્ભેના તમામ હક ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક સ્ટાફની ભરતી માટેની પસંદગી સમિતિને અનામત રહેશે.

**Sd/-**

**અધ્યક્ષ,**

**ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યામક**
**શૈક્ષણિક સ્ટાફની ભરતી માટેની પસંદગી સમિતિ**
**અને નિયામક, શાળાઓની કચેરી, ગુ.રા.ગાંધીનગર**

**માહિતી/૧૧૧૩/૨૦૨૪-૨૫**

# જાહેરાત

**ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શૈક્ષણિક સ્ટાફની ભરતી માટેની પસંદગી સમિતિ, કમિશનર શાળાઓની કચેરી, બીજો માળ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર**

**(સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકની ભરતી અંગેની જાહેરાત ક્રમાંક : ૦૪/૨૦૨૪)**

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ, સચિવાલય ગાંધીનગરના તા. ૧૫/૧૧/૨૦૧૯ના જાહેરનામા ક્રમાંક :- GH/SH/૧૦૫/SMS/ ૧૦૧૧/૨૫૮/G. ૧ અને તા. ૧૨/૦૯/૨૦૨૪ના જાહેરનામા ક્રમાંક : ગુજરાત સરકાર GH/SH/૫૧/SMS/ ૧૦૧૧/૨૫૮/P.F. ૧/G. ૧ તેમજ સરકારશ્રીના સ્થાયી ઠરાવો અને વખતોવખત થયેલા સુધારા ઠરાવોની જોગવાઈઓ અન્વયે રાજ્યની સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં (ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં) શિક્ષણ સહાયકની પસંદગી અંગે તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓની કચેરી મારફત મળેલ નીચે મુજબ અંદાજિત ખાલી જગ્યાઓ પર શિક્ષણ સહાયકની નિમણૂક અર્થે દ્વિસ્તરીય TAT(HS)-૨૦૨૩ના ગુણ આધારિત મેરીટના ધોરણે પસંદગી યાદી તથા પ્રતિક્ષા યાદી તૈયાર કરવા માટે નીચે જણાવેલ વેબસાઇટ પર ઉલ્લેખ કરેલ સૂચનાઓ તેમજ સરકારશ્રીના સ્થાયી ઠરાવો મુજબ શૈક્ષણિક અને વ્યાવસાયિક લાયકાત ધરાવતા, દ્વિસ્તરીય TAT(HS)- ૨૦૨૩ પરીક્ષામાં ૬૦% કે તેથી વધુ ગુણ મેળવનાર ઉમેદવારો પાસેથી નિયત નમૂનામાં ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. અરજી કરનાર ઉમેદવારોની ઉંમર અરજી કરવાની છેલ્લી તારીખે ૩૯ વર્ષ કરતા વધુ હોવી જોઇએ નહિ. અનામત વર્ગના ઉમેદવારોને વયમર્યાદામાં નિયમાનુસાર છૂટછાટ મળવાપાત્ર રહેશે.

**અરજી કરવા માટેની સમય મર્યાદાની વિગત :**

નિયત લાયકાત ધરાવતા ઉમેદવારો **ઉચ્ચતર માધ્યમિક વિભાગ** માટે તા. ૧૦/૧૦/૨૦૨૪થી તા. ૨૧/૧૦/૨૦૨૪ના રોજ ૧૧.૫૯ કલાક સુધી **https://www.gserc.in/** વેબસાઇટ ઉપર મુકવામાં આવેલ સૂચનાઓ મુજબ ઓનલાઈન અરજી કરી શકશે. લાયકાત ધરાવતા ઉમેદવારો અરજીની નિયત થયેલ ફી આ વેબસાઇટ પર ઓનલાઈન માધ્યમથી જ ભરી શકશે. અરજી માત્ર ઓનલાઈન માધ્યમથી જ સ્વીકારવામાં આવશે. ઓનલાઈન અરજી કરતી વખતે ઉમેદવારે તમામ વિગતો અરજી પત્રકમાં ભર્યા બાદ, તેની ખાત્રી કરીને જ નિયત ફી ભરવાની રહેશે. ફી ભર્યા બાદ ઉમેદવારે કરેલ અરજી કન્ફર્મ થયેલ ગણાશે. કન્ફર્મ થયેલ અરજીમાં ઉમેદવાર જો કોઈ સુધારો કરવા ઇચ્છે તો કરેલ અરજી **Withdraw** કરી નવી અરજી કરવાની રહેશે અને પુનઃ ફી ભરી અરજી કન્ફર્મ કરવાની રહેશે. નિયત સમયમર્યાદામાં ફી ભરેલ ન હોય તેવા ઉમેદવારોની અરજી સ્વીકારવામાં આવશે નહિ.

**અંદાજિત ખાલી જગ્યાઓની વિગત :**

| ક્રમ | માધ્યમ | ખાલી જગ્યાઓ |
|---|---|---|
| ૧ | ગુજરાતી | ૧૬૦૩ |
| ૨ | અંગ્રેજી | ૦૫ |
| | કુલ | ૧૬૦૮ |

પ્રસ્તુત જાહેરાતમાં નિર્દેશ કરેલ અંદાજિત ખાલી જગ્યાઓ ફેરફારને આધીન છે. વર્ગ ઘટાડા તથા અન્ય વહીવટી કારણોસર જગ્યા રદ થતા, તેવી ખાલી જગ્યા પર ઉમેદવારનો કોઈ હકદાવો રહેશે નહીં. પસંદગી સમયે ખરેખર ઉપલબ્ધ ખાલી જગ્યા ઉપર જ ઉમેદવારને મેળવેલ ગુણવત્તાક્રમ અનુસાર શાળા પસંદગીની તક ઉપલબ્ધ થશે જેની નોંધ લેવી. ભરતી પ્રક્રિયા દરમિયાન કોઈ બાબતે અર્થઘટનનો પ્રશ્ન ઉપસ્થિત થશે તો નિર્ણય અંગે ભરતી સમિતિનો હક અબાધિત રહેશે.

જાહેરાત સંબંધી વિગતવાર જાણકારી/સૂચનાઓ **https://www.gserc.in/** વેબસાઇટ ઉપર મુકવામાં આવશે. તેમજ ભરતી પ્રક્રિયા દરમ્યાન તમામ સૂચનાઓ અને વિગતો વખતો વખત વેબસાઇટ પર અપલોડ કરવામાં આવશે. ઉમેદવારોએ નિયમિત રીતે વેબસાઇટની ચકાસણી કરવાની રહેશે. વેબસાઇટ પર મુકેલ કોઈપણ સૂચના/વિગતથી અવગત ન થનાર ઉમેદવાર ભરતીના કોઈપણ તબક્કે સામેલ ન થઇ શકે તો આ અંગે ઉમેદવારની અંગત જવાબદારી રહેશે બાદમાં આ અંગે ઉમેદવારની કોઈ લેખિત કે મૌખિક રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહીં. ભરતી સંદર્ભેના તમામ હક ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક સ્ટાફની ભરતી માટેની પસંદગી સમિતિને અનામત રહેશે.

**Sd/-**

**અધ્યક્ષ**

**ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક**
**શૈક્ષણિક સ્ટાફની ભરતી માટેની પસંદગી સમિતિ**
**અને નિયામક, શાળાઓની કચેરી, ગુ.રા. ગાંધીનગર**

**માહિતી/૧૧૧૪/૨૦૨૪-૨૫**